**મહે. ૧૭ માં એડી. સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડી મેજી.શ્રીની કોર્ટમાં, મુ. વડોદરા.**

**<u>ક્રિમીનલ કેસ નં.૧૯૦૪૬/૨૦૨૩</u>**
**આંક –**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ...**

**આરોપી :– ગોવિંદભાઈ મગનભાઈ ચુનારા**

**ગુનો :– ઇ.પી.કો. કલમ–૨૮૩ મુજબ**

## <u>ઠરાવ</u>

૧) ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ તમો આરોપીએ **ઇ.પી.કો. કલમ–૨૮૩** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૨) આરોપી કોર્ટ સમક્ષ રજુ થતા આરોપીને પેપર્સ આપવામાં આવેલ છે અને આજરોજ આરોપીએ હાજર થઇ અને તેના ગુન્હાનો અહેસાસ કરતાં અને આરોપીની પ્લી લેતા આરોપીએ તેમના વિરુધ્ધના ગુન્હાની કબુલાત કરેલ છે તેમજ કબુલાત અંગે કસુરવાન ઠરાવ્યા સિવાય કોઇ વિકલ્પ નથી પંરતુ આરોપી તેમના ગુન્હાનો અહેસાસ કરે છે અને તેમની સાથે ભવિષ્યમાં ફરી ગુન્હો નહી કરે તેવી બાહંધેરી આપે છે ત્યારે આરોપીના સંજોગો નીગાહે લેવામાં આવે છે અને સુધરવાની તક આપવા માટે સખ્ત સજા નહી કરતા દંડની સજા ફરમાવવાના નિષ્કર્ષ ઉપર આ અદાલત આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આરોપીને **ઇ.પી.કો. કલમ–૨૮૩** ના ગુન્હા માટે સીઆરપીસીની કલમ- ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા. ૧૦૦/- (અંકે રૂપીયા એકસો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો દિન- ૦૨ ની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલત નિમિત્તે રાખવામાં આવેલ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩

(બકુલભાઈ વિજયસિંહ વસાવા)
૧૭ માં એડી.સીની.સિવીલ જજ અને
એડી. ચીફ જયુ.મેજી., વડોદરા.
જી.જે.૦૧૧૨૭